દિવ્ય ભાસ્કર, ગાંધીનગર, ભાસ્કર. પાના.નં.- ૦૨

તારીખ. ૨૭/૧૧/૨૦૨૫.

ભાસ્કર એક્સક્લ્યુસીવ

### શાહપુર, બાયોટેકનોલોજિકલ યુનિવર્સિટી અને ગિફ્ટસિટી ક્લબ પર સ્ટેશન બનશે

# ગિફ્ટ સિટીના આંતરિક વિસ્તારને આવરી લેવા 3.5 કિમીનો મેટ્રો ટ્રેક 1050 કરોડના ખર્ચે તૈયાર થશે

હિતેષ જયસ્વાલ | ગાંધીનગર

ગીફ્ટસીટીના 3.5 કિમી વિસ્તારમાં રૂપિયા 1050 કરોડના ખર્ચે મેટ્રો રેલ દોડતી કરવામાં આવશે. તેના માટે ગીફ્ટસીટી વિસ્તારમાં શાહપુર, બાયોટેકનોલોજી યુનિવર્સિટી અને ગીફ્ટસીટી ક્લબ ખાતે મેટ્રો રેલના સ્ટેશન ઉભા કરાશે. જેનાથી ગીફ્ટસીટી વિસ્તારની આંતરરાષ્ટ્રીય ઓફિસના કર્મચારીઓ તેમજ ગીફ્ટસીટી વિસ્તારના પાંચ ગામોના લોકોને મેટ્રો રેલના ટ્રાન્સપોર્ટેશન સેવા આગામી 4 વર્ષમાં પૂર્ણ કરાશે.

શાહપુર, લવારપુર, પિરોજપુર, વલાદ, રતનપુર ગામની વચ્ચે આવેલા ગીફ્ટસીટીમાં હાલમાં



રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય કંપનીઓની કચેરીઓ આવેલી છે. આગામી પાંચેક વર્ષમાં વધુ આંતરરાષ્ટ્રીય કંપનીઓ પોતાની ઓફિસ ખોલવા માટે લાઇનમાં ઉભી છે. હાલમાં ગીફ્ટસીટી સુધી મેટ્રો રેલ પહોંચાડવામાં આવી છે. આગામી ચારેક વર્ષ પછી ગીફ્ટસીટીની અંદર પણ મેટ્રો રેલ દોડતી કરવાનું રાજ્ય સરકારનું આયોજન છે. જેના ભાગરૂપે ગીફ્ટસીટીમાં 3.5 કિમી વિસ્તારમાં મેટ્રોરેલ સેવા શરૂ કરવા માટે 1050 કરોડના ખર્ચની મંજુરી માટે કેન્દ્ર સરકારમાં દરખાસ્ત કરવામાં આવી છે. કેન્દ્ર સરકારમાંથી આગામી એકાદ માસમાં મંજુરી આવી જશે. ત્યારબાદ ટેન્ડરીંગ સહિતની કામગીરી હાથ ધરીને મેટ્રો રેલ દોડતી કરવામાં આવશે. જોકે ગીફ્ટ સીટીને સંપુર્ણ પણે ડેવલોપ થવામાં હજુય પાંચેક વર્ષ જેટલો સમય લાગે તેમ છે. ત્યારે ટ્રાન્સપોર્ટેશન સેવાના ભાગ રૂપે મેટ્રો રેલ સેવાનો લાભ લોકોને મળી રહેશે. કેન્દ્ર સરકારમાંથી મેટ્રો રેલની મંજુરી મળ્યા બાદ આગામી 45 માસમાં સંપુર્ણ મેટ્રો રેલ સેવા શરૂ કરાશે. શાહપુર, ગિફ્ટસિટી ક્લબ અને બાયો. યુનિ. ખાતે મેટ્રો રેલ સ્ટેશન બનશે.

## 5 ગામના 19000 લોકોને લાભ મળશે

ગીફ્ટસીટીમાં મેટ્રો રેલ સેવા દોડતી કરવામાં આવતા આસાપાસના પાંચ ગામના 19000 લોકોને તેનો સીધો લાભ મળી રહેશે. કેમ કે ગીફ્ટસીટીની મધ્યમાં આવેલા પિરોજપુર અને રતનપુરની 4500 વસ્તીને લાભ મળશે. ઉપરાંત આસપાસના શાહપુરની 4500, વલાદની 7000, લવારપુરની 3000 વસ્તીને પણ તેનો લાભ મળશે.

## 3 સ્ટેશનથી કર્મચારીઓ અને વિદ્યાર્થીઓને રાહત

મેટ્રો રેલના ત્રણ સ્ટેશન ઉભા કરાશે. તેમાં ગીફ્ટસીટી ક્લબ પાસે આવેલી શૈક્ષણિક સંસ્થાઓના વિદ્યાર્થીઓ તેમજ રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય કચેરીઓના કર્મચારીઓને તેનો લાભ મળશે. જ્યારે શાહપુરના મેટ્રો સ્ટેશનથી ગીફ્ટસીટીમાં નોકરીએ આવતા કર્મચારી અને શાહપુરના 4500 લોકોને તેનો લાભ મળશે.